# ખેડબ્રહ્મા તાલુકામાં તુલસી વિવાહ ભાવપૂર્વક ઉજવાયો

ખેડબ્રહ્મા,તા. ૨૩

ખેડબ્રહ્મા તાલુકામાં કારતક સુદ અગીયારસે તુલસીવિવાહ ઉત્સવ ભક્તિભાવપૂર્વક ઉજવવામાં આવ્યો હતો. જેમાં ઠાકોર મંદિર ટ્રસ્ટ ગઢડા શામળાજી મંદિર ટ્રસ્ટ તથા ગાયત્રી પરિવાર દ્વારા તુલસી વિવાહ ઉજવણીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. માતા તુલસી તથા લાલજી ભગવાનના લગ્નમાં હજારો ભક્તો ઉપસ્થિત રહી ધન્યતા અનુભવી હતી.

ખેડબ્રહ્માના ઠાકોર મંદિર ટ્રસ્ટ દ્વારા યોજાયેલ તુલસી વિવાહમાં લારજી ભગવાનના યજમાન તરીકે પટેલ હીરાબેન ડાહ્યાભાઈ તથા તુલસી માતાના યજમાન તરીકે પટેલ શાન્તાબેન જેસીંગભાઈ અને ગઢડા શામળાજી મંદિર ટ્રસ્ટ દ્વારા યોજાયેલ તુલસી વિવાહમાં તુલસી માતાના યજમાન તરીકે પટેલ કનુભાઈ પ્રભુદાસ તથા લાલજી ભગવાનના



યજમાન તરીકે પટેલ રાજુભાઈ રેવાભાઈ અને ગાયત્રી પરિવાર દ્વારા યોજાયેલ તુલસી વિવાહમાં તુલસીમાતાના યજમાન તરીકે કલાબેન પ્રકાશભાઈ પટેલ અને લાલજી ભગવાનના યજમાન તરીકે અંજનાબેન હરેશભાઈ જોષીએ ધર્મલાભ લીધો હતો.

આ આયોજનમાં ભગવાનની શોભાયાત્રાઓમાં હજારોની સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહ્યા હતા. તુલસીવિવાહમાં ગ્રહશાંતિ-પીઠી, શોભાયાત્રા, જાનપ્રસ્થાન, ઉતારો, સામૈયુ તથા લગ્નવિધિ શાસ્ત્રોક્ત રીતે સંપન્ન કરવામાં આવી હતી. લગ્ન વિધિ, ભાવેશભાઈ ઉપાધ્યાય તથા વિપુલભાઈએ સંપન્ન કરાવી હતી. બધીજ જગ્યાએ મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગને સફળ બનાવવા આયોજકોએ જહેમત ઉઠાવી હતી.

## ભિલોડા તાલુકાના રામનગરમાં શ્રી દક્ષિણ બારીશી આંજણા ચૌધરી સમાજનું સ્નેહ સંમેલન યોજાયું



ભિલોડા,તા.૨૩

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના રામનગરમાં શ્રી દક્ષિણ બારીશી આંજણા ચૌધરી સમાજનુંસ્નેહ સંમેલન અનેઈનામ વિતરણનોકાર્યક્રમ યોજાયો હતો.આ પ્રસંગે કેન્દ્રીય ગૃહરાજય મંત્રી હરીભાઈ ચૌધરી,ડીરેક્ટર સાબરકાંઠા જીલ્લા ખરીદ વેચાણ સંઘ ભીખાભાઈ પટેલ,ભિલોડા ગ્રામ પંચાયત સરપંચ મનોજભાઈ પટેલ,હિંમતભાઈ પટેલ,સંકેતભાઈ ચૌધરી સહિત સમાજના અગ્રણી આગેવાનો,ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# આજે પાટણ અને મહેસાણામાં આનંદીબેન જાહેરસભા સંબોધશે

## આ ઉપરાંત આગેવાનો પદાધિકારીની સાથે બેઠક, લોક સંપર્ક અને રોડ શૉ કરશે

ગાંધીનગર, તા. ૨૩

સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓને લઈ રાજ્યના મુખ્યમંત્રી આનંદીબેન પટેલે એક પછી એક ચૂંટણી સભાઓ અને રોડ શૉનો ધમધમાટ શરૂ કર્યો છે. છેલ્લા ૧૦ દિવસમાં અનેક જિલ્લાઓમાં ચૂંટણીને અનુલક્ષી જનમેદનીને સંબોધી હતી ત્યારે આવતીકાલે પણ આનંદીબેન પટેલ પાટણ અને મહેસાણા જિલ્લામાં સવારના ૯ થી સાંજના ૭ કલાક દરમિયાન જાહેરસભા, લોકસંપર્ક, રોડ શૉ અને આગેવાનો સાથે બેઠકો યોજશે.

ભાજપના ચૂંટણી પ્રચારમાં કાર્યકરોના ઉત્સાહ વધારવા મુખ્યમંત્રીએ ચૂંટણી પ્રચારમાં ભાગ લઈ સંખ્યાબંધ સભાઓમાં જનમેદનીને સંબોધી ચુક્યા છે.

આવતીકાલ તા. ૨૪મી નવેમ્બર ૨૦૧૫ના રોજ સવારે ૯.૪૦ કલાકે પાટણની એમ.કે. હાઈસ્કૂલમાં સામાજીક આગેવાનો સાથે બેઠક, સવારે ૧૦.૩૦ કલાકે પાટણના અધાર ખાતે જાહેર સભા, સવારે ૧૧.૫૦ કલાકે રાધનપુર હેલીપેડ ખાતે આગેવાનો સાથે બેઠક, બપોરે ૧ કલાકે રાધનપુરની સરસ્વતી શીશુ મંદિર શાળા ખાતે જાહેરસભા, તેમજ બપોરે ૨.૩૦ કલાકે બસ સ્ટેશન, પીપળ, પાટણ બસ સ્ટેશન ધીણોજ-ચાણસ્મા ખાતે લોક સંપર્ક કરશે. ઉપરાંત સાંજે ૪ કલાકે મહેસાણામાં ગોપીનાળાથી વિસનગર રોડ સુધી રોડ શૉ, સાંજે ૫ કલાકે દેલારોડ બાસણા રોડ પર લોક સંપર્ક, સાંજે ૫.૪૫ કલાકે વિસનગર બાયપાસ વિસનગર ખાતે જાહેરસભા અને સાંજે ૬.૩૦ કલાકથી ગોઠવા, રંગાકુઈ, ગવાડા, ધામેલ, વિજાપુર, આશ્રમ ચોકડી, વેડા, દેલવાડા, રીદ્રોલ, લીંબોદરા તેમજ બાલવા ખાતે લોક સંપર્ક શરૂ કરશે અને ભાજપના કાર્યકરો અનો નાગરિકોને મળી ભાજપની જીત માટે પ્રચાર કરશે અને યુવા કાર્યકરોનો ઉત્સાહ વધારશે.

## ખેડબ્રહ્મામાં ભૃગુઋષીના મંદિરે મેળો ભરાશે

ખેડબ્રહ્મા, તા. ૨૩

ખેડબ્રહ્મા હરણાવ, કોસંબી અનો ભિમાક્ષી નદીઓના ત્રિવેણીસંગમ કિનારે બિરાજમાન સ્વયંભુ ભૃગુઋષિના મંદિર નજીક દેવદિવાળીના દિવસે ભવ્ય મેળો ભરાશે. જેમાં હજારોની સંખ્યામાં ભાવિકો ઉમટી પડશે. મંદિરમાં દર્શન માટે ઘસારો લાગશે. નદીમાં શ્રદ્ધા અને આસ્થાની હજારો ભક્તો ડુબકી લગાવી ધન્ય બનશે. અને વહેલી સવારે કર્મકાંડી બ્રાહ્મણો દ્વારા નારાયણબલી તથા પંચબલીની વિધિઓ પણ કરાવવામાં આવશે.

ખેડબ્રહ્મા ભૃગુઋષિના મંદિર નજીક પુનમના દિવસે ગંગા સ્નાન કરવા તથા પિતૃઓના અસ્થિ વિસર્જન માટે લોકો ઉમટી પડશે. દેવદિવાળીના દિવસે ભિમાક્ષી નદીમાં અસ્થિ વિસર્જન કરતા તે ઓગળી જતા હોય છે. વહેલી સવારથી જ ઘણા પરિવાર અસ્થિ વિસર્જન તથા મોક્ષની વિધિ માટે આવતા હોય છે.

કર્મકાંડી બ્રાહ્મણો દ્વારા નારાયણબલી, પંચબલી તથા અન્ય વિધિ દ્વારા તર્પણ સંપન્ન કરાવવામાં આવે છે. આ ઉપરાંત કારતકી પૂનમના મેળામાં મુળા, ચણીબોર તથા શિંગોડા ખરીદી ભોળાશુંભને અર્પણ કરી ધન્યતા અનુભવતા હોય છે. ખેડબ્રહ્માના ભૃગુઋષિ મંદિરે ભરાતો મેળો માણવાનો પણ એક લ્હાવો છે.

### સમય પાક્યો છે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઓળખ એકબીજાના પર્યાય બની ગયા છે.

પ્રદેશ પ્રવક્તા હિમાંશુ પટેલે પણ પ્રાસંગિક પ્રવચનમાં ખેડૂતોને થતા અન્યાયો ગણાવી કરેલી ખોટી વાતોનો જવાબ માગવાનો સમય આવ્યો હોવાનું જણાવ્યું હતું.

જિલ્લા પ્રમુખશ્રી સૂર્યસિંહ ડાભી, શ્રી મનુભાઈ વાઘેલા, શ્રી પોપટલાલ પટેલ, શ્રી મુકેશ પટેલ, શ્રી ચીમનભાઈ વિંઝુડા, શ્રી અમરસિંહ ગોલ વિગેરેએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યા હતા.

### બોનસ ચુકવાયા નથી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નથી. બીજીતરફ વન વિભાગનો વહીવટ પણ ખાડે ગયો છે. વન વિભાગમાં કામ કરતા રોજમદારોને ગત ઓકટોબર મહીનામાં પગાર ચુકવાયો નથી. જયારે રોજમદારોને દિવાળી ટાંણે બોનસ પણ મળ્યુ નથી. જયારે ગ્રાન્ટની ફાળવણી બાદ ટ્રેઝરી અધિકારી ચુંટણી ફરજમાં રોકાયેલા હોવાથી વિભાગને ગ્રાન્ટ ઉપલબ્ધ થઈ શકી ન હોવાનો સુર ઉઠવા પામ્યો છે. જેના પરિણામે વન વિભાગના ૧૦૦ જેટલા રોજમદારોને પગાર પેટે રૂ ૧૫ લાખ ચુકવી શકાયા નથી.

# ગાંધીનગર જિલ્લામાં ચૂંટણીમાં ચવાણાનો માહોલ

ગાંધીનગર તા.૨૩

ગાંધીનગર જિલ્લામાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીનો માહોલ જામ્યો છે. ઉમેદવારો ડોર-ટુ-ડોર રાઉન્ડ લગાવી રહ્યા છે. ગામડાઓમાં સાંજ ઢળતાં જ ભાગોળે ચુંટણીનો ચોરો શરુ થાય છે. મતદારોને રીઝવવા ઉમેદવારો અવનવા નુસખા અપનાવી રહ્યા છે. ગામડાઓમાં ચુંટણી અને ચવાણનો માહોલ સર્જાયો છે. રાત્રે ગામમાં ફરીફરીને રાજકીય પક્ષોના ઉમેદવાર સહિત અપક્ષ ઉમેદવારો પણ ચવાણાની લ્હાણી કરી ચુંટણી જીતવા કમરકસી રહ્યા છે.

રાજયભરમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીનો હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે ચુંટણીમાં ઉભેલા ઉમેદવારો દ્વારા પ્રચાર-પ્રસાર તેજ કરી દેવામાં આવ્યો છે. પોતાના મતવિસ્તારમાં ઉમેદવારો ડોર-ટુ-ડોર પ્રચાર કરી જનસંપર્ક કરતા નજરે પડે છે. ગામડની ગલીઓ ખુંદી વળ્યા છે ઉમેદવારો..પગપાળા ફરતા ઉમેદવારોના ચહેરા પર થાક સ્પષ્ટ પણે દેખાઈ આવે છે. પરંતુ કાર્યકરોનો જોમજુસ્સો તેમને સ્ફુર્તિ પુરી પાડે છે.

ગામડાઓમાં દિવસ દરમ્યાન ન જામતો ચુંટણીનો માહોલ સાંજ ઢળતાં જ જામવા માંડે છે. ગામડાઓમાં ખાટલા બેઠકો પર ઉમેદવારોની ચર્ચા વિચારણા થતી જોવા મળે છે. શેરીઓ,ગલીઓ,ભાગોળમાં રાત્રે મોડે સુધી ગ્રામજનોની ભારે ભીડ જોવા મળે છે. ઉમેદવારો તરફથી ભજીયાના નાસ્તા સહિત તમામ સગવડો ગામના મતદારોને પુરી પાડવામાં આવે છે. ગાંધીનગર જિલ્લાના ગામોમાં ચવાણાનો માહોલ જામ્યો છે.

ચુંટણીમાં ઉભા રહેલા ઉમેદવારો તરફથી ચવાણું ઘરે ઘરે આપવામાં આવી રહ્યું છે. હજ્જારો કિલો ચવાણાનો ઓર્ડર હોવાથી અત્યારે હાલ પણ ફરસાણના વેપારીઓ ચવાણા બનાવવામાં વ્યસ્ત દેખાય છે. ચુંટણી જીતવા માટે મતદારોનો રીજવા ઉમેદવારો અવનવા નુંસખા અપનાવી રહ્યા છે.

ચુંટણીને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે ઉમેદવારો રાત દિવસ એક કરી જીતવા માટે કમરકસી રહ્યા છે. પરંતુ ગામડાઓના મતદારોતો અત્યારે હાલ મળતું ચવાણું અને ગોટાની જયાફત માણવામાં મસ્ત બન્યા છે.

# પાલનપુરના વોર્ડ નં. ૬માં ચૂંટણી કાર્યાલય ખુલ્લુ મુકાયું

પાલનપુર, તા. ૨૩

આગામી ૨૯મી નવેમ્બરે યોજાનારી પાલનપુર નગરપાલિકાની ચૂંટણી નજીક આવતા શહેરમાં વાતાવરણ ગરમાયું છે. ત્યારે ગતરોજ વોર્ડ નં. ૬ના ભારતીય જનતા પાર્ટીના કાર્યાલયના ઉદ્‌ઘાટન પ્રસંગે વિશાળ સંખ્યામાં માનવ મહેરામણ ઉમટ્યું હતું. દિયોદરના ધારાસભ્ય અને ભાજપના જિલ્લા પ્રમુખશ્રી કેશાજી ચૌહાણે કાર્યાલયના ઉદ્‌ઘાટન પ્રસંગે જણાવ્યું હતું કે આજે ઉમટેલી વિશાળ જનમેદની જ બતાવે છે કે આગામી ચૂંટણીમાં ભાજપની જીત નક્કી છે. તેમણે ઉમેર્યું હતું કે આ વિસ્તારના લોકપ્રિય ઉમેદવારો કે જેમણે ગત ટર્મમાં પણ સુંદર કામ કર્યું હતું. તેમને પાર્ટીએ રીપીટ કરીને પુનઃ આ વિસ્તારની સેવા કરવાનો મોકો આપ્યો છે. તેમણે જણાવ્યું હતું કે દેશમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીના વડપણ હેઠળ અને રાજ્યમાં શ્રીમતી આનંદીબેન પટેલના વડપણ હેઠળના શાસનથી દેશ અને રાજ્યની કાયાપલટ થઈ રહી છે ત્યારે જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકામાં પણ ભારતીય જનતા પાર્ટીનું શાસન સ્થપાતા 'પંચાયતથી પાર્લામેન્ટ' સુધી ભાજપનું શાસન સ્થાપવા સૌને હાંકલ કરી હતી. દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનો આભાર વ્યક્ત કરતાં તેમણે જણાવ્યું હતું કે પાલનપુર શહેરનો અમૃતસીટીમાં સમાવેશ કરીને આ શહેરને વિકાસના માર્ગે લઈ જવાનો માર્ગ મોકલો કર્યો છે. પાલનપુર શહેર ભાજપના પ્રમુખ અનીકેત ઠાકરે સ્વાગત પ્રવચન કર્યું હતું. જ્યારે વોર્ડ ઈન્ચાર્જશ્રી કનક પંડ્યાએ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમનું સંચાલન યુવા મોરચાના ઉપપ્રમુખ કૃણાલ ભટ્ટે કર્યું હતું. આ પ્રસંગે પૂર્વ મંત્રીકાંતીલાલ કચોરીયા, પૂર્વધારાસભ્યશ્રી ગોવિંદભાઈ પ્રજાપતિ, જિલ્લા ઉપપ્રમુખશ્રી મેરૂજી ધુંખ, પૂર્વ પ્રમુખશ્રી હરેશ જાની, નગરપાલિકા પૂર્વ પ્રમુખશ્રી હસમુખ પઢિયાર, અગ્રણીશ્રી ગીરીશ જગાણીયા, શ્રી કરશનજી વાઘેલા, શહેર પ્રભારીશ્રી કિરણસિંહ ચૌહાણ, શહેર મહામંત્રીશ્રી નગીનદાસ રાઠોડ, શ્રી દલપત બારોટ, શહેર યુવા પ્રમુખશ્રી જસવંતસિંહ વાઘેલા, ઉદ્યોગપતિશ્રી કે.એન. શાહ, શહેર ભાજપના અગ્રણીશ્રી સનત પંડ્યા, શ્રી દિનેશ પંચાલ, મુસ્લીમ સમાજના મોલવી સાહેબ સહીત મોટી સંખ્યામાં મુસ્લીમ સમાજના આગેવાનો અને વોર્ડ નં. ૬ના ઉમેદવારોશ્રી અશોક ઠાકોર, શ્રી અલકાબેન પંચાલ, શ્રી દેવેન્દ્ર રાવલ અને શ્રી નાથીબેન પરમાર સહીત વિશાળ સંખ્યામાં શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા.

### ભૂકંપનો આંચકો

● અનુસંધાન પહેલાનું ચાલુ

તાઈવાન, ભારત અને પાકિસ્તાન સહિતના દેશોમાં વારંવાર આંચકા આવ્યા છે. જેના કારણે ધરતીકંપ સાથે સંબંધિત વિભાગના વૈજ્ઞાનિકો દ્વારા હવે અ મામલે અભ્યાસની કામગીરી હાથ ધરવામાં આવી છે. વિશ્વમાં સૌથી વધારે ભૂકંપ પ્રભાવિત દેશોમાં જાપાન, ઈન્ડોનેશિયા, ન્યુઝીલેન્ડ, ગ્રીસને ગણવામાં આવે છે. આ તમામ જગ્યાએ વારંવાર લોકો આંચકાનો અનુભવ કરે છે. કેટલાક વિનાશકારી આંચકા આવ્યા છે.

### ખતરનાક યોજના

● અનુસંધાન પહેલાનું ચાલુ

હત્યાઓ કરીને કોમવાદી હિંસાનેં ભડકાવી દેવાના પ્રયાસમા છે. અહેવાલમાં વધુમાં દાવો કરાયો છે કે શ્રીરામ સેનાના સ્થાપક પ્રમોદ મુથાલિક રાષ્ટ્ર-વિરોધી તત્વોની હિટલિસ્ટમાં સૌથી ઉપર છે. અગાઉ ગુજરાતના ભરૂચમાં ભાજપના બે નેતાઓની હત્યા કરવામાં આવી ચુકી છે. આ બન્ને નેતાઓની હત્યામાં ફરાર અંડરવર્લ્ડ ડોન છોટા શકીલની સીધી સંડોવણી હોવાની બાબત જાહેર થઈ ચુકી છે. આ કેસમાં તપાસ દરમિયાન એવુ પણ જાણવા મળ્યુ છે કે આરોપી પૈકીના એકનો પરિચય હત્યાના માસ્ટરમાઈન્ડ જાવેદ ચીકના દ્વારા શકીલને કરાવાયો હતો. બીજી નવેમ્બરના દિવસે ભાજપના બે નેતાઓ પ્રજ્ઞનેશ મિસ્ત્રી અને શિરિશ બંગાળીની હત્યા કરી દેવામાં આવી હતી. ભરૂચ જિલ્લાના પૂર્વ ભાજપ પ્રમુખ અને સંઘના વરિષ્ઠ નેતા શિરિશ બંગાળી અને ભરૂચ જિલ્લાના ભાજપ જનતા યુવા મોરચાના જનરલ સેક્રેટરી પ્રજ્ઞનેશ મિસ્ત્રીની હત્યા કરી દેવામાં આવતા ભારે ખળભળાટ મચી ગયો હતો. આ સનસનાટી કેસમાં તપાસ ચાલી રહી છે. જેમાં કેટલીક ચોંકાવનારી વિગત પહેલાથી જ સપાટી પર આવી ચુકી છે. તપાસમાં જાણવા મળ્યુ છે કે ગુજરાત રમખાણો અને મુંબઈ હિસાનો બદલો લેવા માટે આ હુમલો કરવામાં આવ્યો હતો. ગુજરાત એટીએસના અધિકારી જેકે ભટ્ટ આ અંગેની કબુલાત કરી ચુક્યા છે. એવી પણ શંકા છે કે આઈએસઆઈ દ્વારા જ ભાજપના બે નેતાઓની હત્યા કરવા માટે નાણાં આપ્યા હતા. તપાસમાં જાણવા મળ્યું છે કે, જાવેદ ચિકના દાઉદના ખાસ વ્યક્તિ તરીકે છે અને આ શખ્સે ભાજપ નેતાઓની હત્યા માટે ૫૦ લાખ લોકોની વ્યવસ્થા કરી હતી.

### હેલીકોપ્ટર

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવ્યા હતા. વૈષ્ણોદેવીના શ્રદ્ધાળુઓ દર્શન માટે જઈ રહ્યા હતા. કેટલાક શ્રદ્ધાળુઓ હેલિકોપ્ટર મારફતે રવાના થયા હતા. ત્રિકુટા પહાડીઓમાં કતરાથી આ શ્રદ્ધાળુઓ હેલિકોપ્ટરમાં રવાના થયા હતા. માર્ગથી જવાના બદલે આ શ્રદ્ધાળુઓ હેલિકોપ્ટરમાં રવાના થયા હતા. અત્રે નોંધનીય છે કે, ફેબ્રુઆરી મહિનામાં એક લશ્કરી હેલિકોપ્ટર પણ શ્રીનગર નજીક દુર્ઘટનાગ્રસ્ત થયું હતું, જેમાં બન્ને પાયલોટના મોત થઈ ગયા હતા. બીજીબાજુ આજના બનાવ બાદ હેલિકોપ્ટર સેવાને થોડાક સમય માટે બંધ રાખવાનો નિર્ણય કરાયો હતો. જમ્મુ-કાશ્મીરમાં કતરા નજીક આ બનાવ બન્યા બાદ ભારે ઉત્તેજના ફેલાઈ ગઈ હતી. બનાવ રેસી જિલ્લામાં ૧૨.૫૫ વાગ્યે બન્યો હતો. હવામાનની સ્થિતિ સારી હતી. હિમાલયન હેલી સર્વિસ સાથે જોડાયેલુ આ હેલિકોપ્ટર ત્રિકુટા પહાડીઓમાં બનેલા હેલિપેડથી રવાના થયું હતું. આ હેલિકોપ્ટર કતરા બસ સ્ટેન્ડ નજીક બનેલા હેલિપેડ ખાતે ઉતરાણ કરનાર હતું. તમામ સાતના મોત થયા હતા. વરિષ્ઠ પોલીસ અને અન્ય અધિકારીઓ ઘટના સ્થળે પહોંચી ગયા હતા. ભૂતપૂર્વ મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ મૃતકોના પરિવાર પ્રત્યે સહાનુભૂતિ વ્યક્ત કરી છે અને બનાવ અંગે દુઃખ વ્યક્ત કર્યું છે. આ ધાર્મિક સ્થળ ત્રિકુટા પહાડી પર ૫૩૦૦ ફુટની ઊંચાઈ ઉપર છે.

### સુરેશ ભટ્ટ ... (૪ પાનાનું ચાલુ...)

૨. રેલીમાં થાય શહીદો એની રાહ જોતા'તા
કે ખાટ જોતા'તા વેણ ઉપડે પૅકેજ જણવાની
(ગાંધીનગર સમાચાર, ૨૭.૯.૨૦૧૫)
(પાટીદારોની રેલીમાં મૃત્યુ થયા બાદ રાહત પેકેજ જાહેર થયા)

આવા ૬૮૦૦ મુક્તકો અને એનાં બે ગણા હાઈકુઓ એમણે મૌલિક રચ્યા અને એના માળખામાં શિસ્ત પ્રમાણે જ. મુક્તકમાં માત્રામેળ જાળવીને. એટલે પહેલી લીટીમાં જેટલી માત્રા એટલી જ બીજી ત્રણ લીટીઓમાં આવે અને પ્રાસ જાળવવા પડે. હાઈકુઓ એના અક્ષરોના શિસ્ત પ્રમાણે જ પહેલી લાઈનમાં પાંચ-બીજીમાં સાત અને ત્રીજીમાં ફરી પાંચ. હાઈકુમાં કુલ ૧૭ અક્ષરો આવે.

એમાં એઓ શબ્દરમત કરે છે તે માણવા જેવી હોય છે.

'હવે કહેવું'
લાલજી - અભિનંદન
હાર્દિક નહિં.
(પાટીદાર આંદોલનના બે સૂત્રધારો - હાર્દિક અને લાલજી)
પાક કર્નલો
વાઘ નખ પહેરીને
ભેટે વ્હાલથી (૨૩.૯.૧૫)
(વાઘાબોર્ડર પરથી કવાયત)

મુક્તક અને હાઈકુ બાદ આવે 'ચિંતન' આમાં એક સંસ્કૃત શ્લોક આપી એનો અનુવાદ કરી વિશેષ અર્થઘટન કરીને સમજણ વિકસાવવામાં આવે.

સાહેબો? ૬૮૦૦ જેટલાં સંસ્કૃત સુભાષિતો વાંચવા, જાતે આત્મસાત કરવા અને બાદમાં લોકભોગ્ય ભાષામાં રજુઆત કરવાના. એ શું રોમાંચક ઘટના નથી?

ત્યારબાદ સુવિચારોનું સંકલન કરવામાં આવે. આજના એસ.એમ.એસ. અને વૉટ્સએપના જમાનામાં સુવિચારો પણ રસ્તે રઝળતા થઈ ગયા છે. પણ આવા સુવિચાર પાછળ કોઈના જીવનના અનુભવ અને અનુભૂતિનો નિચોડ હોય છે અને સ્વયંના અનુભવની ઝલક હોય એટલે નેકદીલીનો જોમ પણ હોય. એ કાંઈ ઠાલા શબ્દોના તોરણ નથી હોતા. આવી એક ચિનગારી લાગે અને જીવનની રસમ કે કથનમાં ક્રાંતિ આવી જાય.

અમર કાનપૂરીની આ બે લીટીઓ વાંચો.
ખોનેકી દહેશત ઓર પાને કી જીદ ન હોતી
તો ના ખુદા હોતા ના કોઈ ઈબાદત હોતી. (૧૭.૯.૧૫)

કવિ-શાયર કહે છે કે મનુષ્યના ભય અને લાલચમાંથી જ ધર્મ-ઈશ્વર અને ભક્તિનો જન્મ થાય છે. તત્ત્વજ્ઞાનની એક થિયરીનું જ્ઞાન આવા સરળ શબ્દોમાં આવી ગયું.

અને છેલ્લે આવે બોધકથા.

કથા પહેલા નાની અનુરુપ પ્રસ્તાવના અને ત્યારબાદ બોધકથા સાર રુપે. પછી ફરીથી એનો વિસ્તાર કરવામાં આવે અને સાંપ્રત વાસ્તવિકતાઓ/સમસ્યાઓ સાથે જોડવામાં પણ આવે.

અત્યાર લગી પ્રગટ થયેલી સામગ્રીનું રિપીટેશન થયું નથી.

ભારતભરમાં જાણીતા અંગ્રેજી/પંજાબીમાં લખનારા લેખક અને કટારલેખકની એક ખાસિયત હતી. એમની સાપ્તાહિક કોલમમાં બે-ત્રણ હપ્તા બાદ એકાદ વખત જરુર વાછૂટની ક્રિયા/પ્રક્રિયાની વાત વર્ણન આવે જ.

સુરેશભાઈની ૧૯ વર્ષથી દરરોજ લખાતી કોલમમાં આ કે આવી વાતો કેટલી વખત આવી? એક વખત પણ નહિ. તો એમને વાણી અને અભિવ્યક્તિના સ્વાતંત્ર્યનો સોલો ઉપડ્યો નહિં!

નહિ. આવું એમની અસ્મિતામાં જ નથી. શિષ્ટાચાર અને સૌજન્ય એમના elements છે.

ચંદ્રકાન્ત બક્ષીને ગુજરાત લેખક નહિં પણ એક સાહિત્યિક ઘટના ગણે છે. એઓ પોતે પણ 'ઝંડા ઉંચા રહે હમારા'નું ગીત નિસંકોચ ગાતા હતા.

એમની ઊંચાઈને અમારે પડકારવી નથી. પણ અમારે એટલું જરુર કહેવું છે કે એક અખબારમાં કોઈ કોલમ ૧૯-૧૯ વર્ષથી લખાય અને છપાય. વાંચકો એ માગ્યા કરે. સંપાદક ખુશીથી આવકારે અને સર્જક સરળતાથી આવ્યા કરે તો એ પણ એક ઘટના જ છે અને એ ઘટનાના શ્રોતના સાક્ષી હોવાનો દાવેદાર હું એક છું.

ઉપરના પેરેગ્રાફમાં જે સર્જકની સરળતાની વાત હતી. એમણે રિસાવાના, ત્રાગા કરવાના કે કે આક્રમક થવાની તક ન ઝડપી? ના.

કોલમના વળતર માટે એમણે ત્રાગું ન કર્યું. બર્નાડ શૉ જેવી વિશ્વવિખ્યાત વ્યક્તિ પણ આવા ત્રાંગા કરતી. એક અમેરિકન પ્રકાશકને એણે રીતસર સંભળાવી દીધું હતું કે માર્ક ટ્વેઈન (એમના સમકક્ષ અમેરિકન સમકાલીન) ને જે વળતર આપો એનાથી ડબલ મને નહિં મળે તો મારી કૃતિ કે કોપીરાઈટ નહિં મળે. પ્રકાશકે અમેરિકા ઈંગ્લેન્ડ વચ્ચે વિમાનમાં આંટાફેરા કર્યા પણ શૉ ન જ ડગ્યા.

સુરેશભાઈ આટલું તો કરી શકત કે ગુજરાતીના વર્તમાન જાણીતા કટારલેખક જેમકે વાસુદેવ મહેતા અથવા સૌરભ શાહને મળતા મૂલ્યના પ્રમાણમાં મને વતા કે ઓછા આટલા તો મળવા જ જોઈએ.

આવું કરવાનું એમના લોહીમાં નથી. એટલે તો એમના પત્ની કે પુત્રવધુ પેન્સીલ છોલવા માટે રસોડાના છરી-ચપ્પુ આપતા નથી. અને મારા અંદાજ પ્રમાણે અત્યાર લગી લગભગ ૨૫૦ બોલપેન વપરાઈ હશે.

આપણા એક પ્રસિદ્ધ વાર્તાકારે મર્દાનગીની વાતો બહુ કરી છે. આગળ વધીને તોછડાઈને પોતાની બ્રાન્ડ બનાવી હતી. એમના અંગે સંજય છેલે લખ્યું છે કે એમને વાસ્તવમાં કયારેય મર્દાનગી બતાવી નથી કે જાહેરમાં જનતા કે સમાજના હિત માટે સત્તા સામે બાંયો ચડાવી નથી.

તો અમારા સુરેશભાઈ વખાણવા લાયક નહિ? રાજધાનીમાં બેસીને ખુલ્લંખુલ્લા સત્તાધારી અને ખુરશીદાસોની ઠેકડી ઉડાળી છે પણ શિષ્ટાચાર અને શિસ્તપૂર્વક અને એટલે ટીખળનો ભોગ બનનાર પણ જાતે સુરેશભાઈને અભિનંદન આપે છે.

ગુજરાતના જાહેરજીવનમાં હજુ પણ આવું સ્પિરિટ વસ્યું છે તે તો આનંદની વાત છે જ. પણ વાંચકો આ સંસ્કારધનને વધાવતા રહે એ ખૂબ જ આનંદની વાત છે.

પ્રકાશકો આ કોલમના સંકલનો છાપે તો એમને પોષાતું હશે જ ને?

'ગાંધીનગર સમાચાર' ના કેટલાયે વાંચકો આ કોલમ માટે આ અખબાર લે છે. કોઈ વળી સુવિચારના સંગ્રહ માટે તો કોઈ પિતા પોતાના સંતાનને બોધકથા કહેવા માટે આ અખબાર લે છે.

આ વર્તમાનપત્રના ફેલાવામાં આ કોલમનું યોગદાન છે એમ કહેવાની હું રજા લઉં છું.

'ગાંધીનગર સમાચાર'ના મેનેજીંગ તંત્રીએ સાચું જ લખ્યું છે 'ગાંધીનગર સમાચાર' ઈતિહાસ લખાશે ત્યારે શ્રી સુરેશભાઈ ભટ્ટનો ગૌરવભેર ઉલ્લેખ થશે જ. એમ ગાંધીનગર સાહિત્યસભાના પ્રમુખ પણ લખે છે કે સુરેશભાઈ દરરોજ સવારે ગાંધીનગરની પ્રજાને સંસ્કારનું શિરામણ પિરસે છે.

શબ્દોનો બાદશાહ છે સુરેશભાઈ ભટ્ટ. અવિરત લખે છે. સાર્થકતાવાળું લખે છે. તો વળી કયાંક નિઃશબ્દની દુનિયાનો ઈશારે કરે છે. નિઃશબ્દને પામનારો જ શબ્દને સત્ય આપી શકે.

ફરી એક વખત ચંદ્રકાન્ત બક્ષી ને યાદ કરું છું. બક્ષીસાહેબ બોલેલા કે એઓ માત્ર બેજ કલમધારી સમક્ષ મસ્તક નમાવશે. એક ઝવેરચંદ મેઘાણી અને બીજા વીર નર્મદ.

વીર નર્મદ સમક્ષ સુરેશ ભટ્ટ મસ્તક નમાવશે તો વીર નર્મદ આ, મા સરસ્વતીના ઉપાસકને ગલે લગાવશે.

INDIAN INSTITUTE OF TEACHER EDUCATION GUJARAT
Ramkrushna Paramhans Vidya Sankul, Near Mahatma Mandir, 'KH' Road, Sector-15, Gandhinagar-382016 (Gujarat)

ગટર લાઈન કામગીરી માટેના ભાવ-પત્રકો

આઈ.આઈ.ટી.ઈ.ના સેક્ટર-૧૫ ખાતેના બિલ્ડીંગમાં સ્કીલ અને ટ્રેનીંગ સેન્ટરમાં પાછળ ગટર લાઈનની કામગીરીના અંદાજીત રૂ. ૧.૬૨ (લાખ)ના કામ કરવા માટે ભાવપત્રક સીલબંધ કવરમાં નીચેના સરનામે તા. ૩૦/૧૧/૨૦૧૫ સુધીમાં આમંત્રિત કરવામાં આવે છે. આ અંગેની વધુ માહિતી યુનિવર્સિટીની વેબસાઈટ www.iite.ac.in ઉપરથી અથવા યુનિવર્સિટીની ઓફીસ ખાતેથી મેળવી શકાશે.

બંધ કવરમાં ભાવપત્રક મોકલવાનું સરનામું :
કુલ સચિવ, ઈન્ડીયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટીચર એજ્યુકેશન
રામકૃષ્ણ પરમહંસ વિદ્યા સંકુલ, મહાત્મા મંદિર પાસે,
ખ-રોડ, સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૬
તા. ૨૪/૧૧/૨૦૧૫ કુલસચીવ (કા.)